## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... માહિતી ખોટી છે... આને અનામત સાથે લેવાદેવા નથી... મહાદેવનો ભક્ત છે અને શ્રાવણનો ઉપવાસ કરે છે...!

### આ સંજોગોની વિચિત્રતા કે પછી સરકારનો અન્યાય

# પંચાયતમાં કાર્યપાલક ઈજનેરે નાયબ કાર્યપાલક ઈજનેરનો ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રોડ પ્રોજેક્ટના નાયબ ઈજનેરનો ચાર્જ એકઝી. એન્જીનીયર દ્વારા સંભાળવામાં આવતાં વહીવટના જાણકારોમાં આશ્ચર્ય સર્જાયુ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીએ જાતે જ રોડ ડિવીઝનનો નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજો બજાવતા પટેલની બદલી દહેગામ ખાતે થતાં કાર્યપાલક ઈજનેરે આ જગ્યાનો ચાર્જ સંભાળ્યો છે.

નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ઘણા સમયથી ખાલી છે અને તે ચાર્જમાં ચાલતી હતી. આ અંગે વારંવાર સરકારમાં રજુઆત પછી પણ ઉકેલ આવ્યો નથી.

હવે રોડ પ્રોજેક્ટના નાયબ કાર્યપાલક ઈજનેરની બદલી થતાં આ જગ્યાનો ચાર્જ કોને સોંપવો તે પ્રશ્ન હતો અને કાર્યપાલક ઈજનેરે જ આ હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

વર્ગ-૧ના અધિકારીએ વર્ગ-૨ના અધિકારી તરીકેનો સ્વીકારેલો ચાર્જ રાજકીય તેમજ વહીવટીય ક્ષેત્રમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

આ મુદ્દે આગામી દિવસોમાં પુનઃ સરકારમાં રજુઆત કરવાનું પણ કેટલાક રાજકીય આગેવાનો વિચારી રહ્યા છે.

# અનામત મામલે કોંગ્રેસ સ્પષ્ટ બને : જીતુ વાઘાણી

ગાંધીનગર,તા.૨૮

પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ દ્વારા મહામહિમ રાજ્યપાલને જે આવેદનપત્ર આપવામાં આવેલ છે તે બાબતે ગુજરાતની જનતા અને સમાજના તમામ વર્ગના લોકોને સાચી હકીકતથી માહિતગાર કરવા તે અમારી નૈતિક ફરજ છે. કોંગ્રેસે આપેલા ૮ પાનાના નિવેદનમાં અનામતનો ક્યાંય ઉલ્લેખ સુધ્ધાં નથી. કોંગ્રેસના ટેકાથી ગુજરાતની શાંતિ ડહોળવા માટે હવાતિયા મારતા કેટલાક લોકો જે શરૂઆતમાં તમામ જગ્યાએ ઓબીસીમાંથી અનામત આપવાની માંગણી કરી રહ્યા હતા અને ઓબીસીમાંથી જ અમને અનામત આપો તેનાથી ઓછું કાંઈ ના ખપે તેવી વાતો કરનારાઓ આજે હવે અનામતનો અ પણ ના ઉચ્ચારે તેનાથી સ્પષ્ટ થાય છે કે, કોંગ્રેસ અને તેના મળતીયાઓએ માત્રને માત્ર પોતાની રાજકીય મહત્વકાંક્ષાઓ સંતોષવા માટે આજથી ત્રણ વર્ષ પહેલા ગુજરાતને બાનમાં લીધુ હતું અને આજે પણ ગુજરાતની શાંતિ-સલામતિ ડહોળવાના હીન પ્રયાસો કરી રહ્યા છે, જે ગુજરાતની જનતા ક્યારેય સાંખી નહી લે. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે જે આવેદનપત્ર આપ્યુ છે તેમાં માત્રને માત્ર ખેડૂતો અને યુવાનો વિશે બેબૂનિયાદ વાતો કરી છે. ત્યારે મારે કહેવું છે કે, ૧૯૯૫ પહેલાના ગુજરાતમાં કોંગ્રેસના શાસન વખતે ગુજરાતના ખેડૂતો કે ગામડાની કેવી સ્થિતિ હતી ? તે જરા યાદ કરી લે.

# સે-૨૧ માઉન્ટ કાર્મેલ શાળાના શિક્ષિકાએ વિદ્યાર્થીઓની રાખડી પર કાતર ફેરવી...!!

### શાળામાં ધો-પમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કાંડા પર બહેને હેતે બાંધેલી રક્ષાને શિક્ષિકાએ કાપી નાંખતા વાલીઓ આગબબુલા

ગાંધીનગર તા ૨૮

સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલમાં શિક્ષિકાની અજીબો ગરીબ હરકતથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. ભાઈ બહેનના હેતનુ પર્વ ગણાંતા રક્ષાબંધનની સમગ્ર દેશમાં વિશિષ્ટ ઉજવણી થાય છે. ત્યારે શાળા કોલેજોમાં પણ રક્ષાબંધનના આ પર્વની પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવે છે. આવા સંજોગોમાં સામાજિક અને પારિવારિક ભાવના દુભાય તેવો એક કિસ્સો પ્રકાશમા આવ્યો છે. સે-૨૧ ની માઉન્ટ કાર્મેલ શાળામાં ગઈકાલે એક શિક્ષિકાએ ધો-૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હાથ પર બાંધેલી રાખીઓ કાપી નાંખતા વાલીઆલમમાં ઉગ્ર આક્રોશ પ્રવર્તયો છે. ધર્મ અને સંસ્કૃતિને ઠેસ પહોંચાડતી આ ઘટનાના વાલી આલમમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. વાલીઓએ શાળાની શિક્ષિકાની આ હરકત બદલ શિક્ષણમંત્રીને પણ ફરિયાદ કરી છે. સે-૨૧ ની માઉન્ટ કાર્મેલ શાળામાં ગઈકાલે એક શિક્ષિકાએ વિદ્યાર્થીઓના હાથ પર બાંધેલી રક્ષાને કાતરથી કાપી નાંખતા વાલીઓ આગ બબુલા બન્યા છે. આ મામલે રોષે ભરાયેલા વાલીઓએ શિક્ષણમંત્રીને રજુઆત પણ કરી છે. જો કે જિલ્લાનુ શિક્ષણતંત્ર આ મામલે રૂટીન મુજબ અજાણ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

આ અંગે જિલ્લા શિક્ષણતંત્રએ જણાંવ્યુ હતુ કે આ મામલે તેમની પાસે કોઈ ફરિયાદ આવી નથી લેખિત કે મૌખિક ફરિયાદ આવશે તો આગળ કાર્યવાહી હાથ ધરાશે. ભાઈ બહેનના હેતના પવિત્ર પર્વની ઉજવણી વિશિષ્ટ રીતે અને પારિવારિક માહોલમાં થતી હોય છે. જયારે શાળામાં વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને શિક્ષણની ભાવના બળવત્તર બનાવવાના બદલે આ પ્રકારની હરકત દાખવવામાં આવતા કુમળા વિદ્યાર્થીઓના માનસ પર વિપરિત અસર થતી હોવાનો આક્રોશ પણ વાલીઓમાં પ્રબળ બન્યો છે. આગ બબુલા બનેલા વાલીઓએ શાળાના શિક્ષિકાની આ હરકત સામે શિક્ષણમંત્રીને ફરિયાદ કરી છે.

**ધર્મ અને સંસ્કૃતિને ઉજાગર કરતા પવિત્ર પર્વની ઉજવણી સામે શિક્ષિકાની આ હરકતથી વાલીઓમાં ઘેરા પ્રત્યાઘાત સામાજિક અને પારિવારિક ભાવના પણ દુભાઇ : શિક્ષણમંત્રીને ફરિયાદ : વિદ્યાર્થીઓના કુમળા માનસ પર વિપરિત અસર**

# ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

વંદે માતરમ્ સાથે જણાવવાનું કે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર યુવા મોરચા તથા શ્રી કમલમ ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પનુ આયોજન કરેલ છે. તો આ ફ્રી મેડીકલ કેમ્પના મુખ્ય મહેમાન તરીકે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, ગુજરાત પ્રદેશ યુવા અધ્યક્ષ ડૉ. ઋત્વિજભાઈ પટેલ પધારવાના છે. આ ફ્રી મેડીકલ કેમ્પમાં ગાંધીનગરના નામાંકિત ડૉકટરો દ્વારા ડાયબિટીસ, બ્લડપ્રેશર, જનરલ ચેકઅપ, સ્કીનના નિષ્ણાત તથા દાંતની સમસ્યા માટે તેમજ બહેનો માટે ખાસ ગાયનેકોલોજીસ્ટ તા. ૨૯-૮-૨૦૧૮ બુધવારને સવારે ૯ કલાકથી ૧૨ કલાકે રાખેલ છે.

આ ફ્રી મેડીકલ કેમ્પમાં સેવા આપનાર ડૉ. કલ્પેશભાઈ ગોસ્વામી, ડૉ. નિતીન અંજાન, ડૉ. શૈલેષભાઈ પટેલ, ડૉ. મહેન્દ્રભાઈ ચૌધરી, ડૉ. સૌરભભાઈ કાપડીયા આ ઉપરાત આંખ, કાન, ગળા તથા બાળકોના ડોકટર પણ હાજર રહેશે. તેવુ મહેન્દ્રભાઈ પટેલ અધ્યક્ષે જણાવ્યુ હતુ.

# ગાંધીનગરમાં અભયમ્ મહિલા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે






મહિલાઓના સર્વાંગી વિકાસ તથા મહિલા સુરક્ષાના ઉદ્દેશને અનુલક્ષી અભયમ્ મહિલા સંમેલન ટાઉન હોલ, ગાંધીનગર ખાતે યોજાયું હતું. અભયમ્ મહિલા સંમેલનનું ગુજરાત ઉર્જા વિકાસ નિગમના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર તથા ગુજરાત રાજય બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યક્ષ વિમલભાઈ ઉપાધ્યાયે દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને ૧૮૧ અભયમ્ હેલ્પ લાઈન એપનું પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપી તમામ મહિલાઓને ૧૮૧ હેલ્પલાઈન ડાઉન લોડ કરવા જણાવ્યું હતું. ચેરમેન ઈશ્વરભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, સ્ત્રીઓ શક્તિ, વિદ્યા અને ધનનું પ્રતિક છે. મહિલાઓના સશક્તિકરણ માટે મહિલાલક્ષી રાજય સરકારની યોજનાઓનો લાભ લઈ મહિલાઓ સન્માનભેર, સ્વાવલંબી પગભર અને ગૌરવપૂર્ણ જીવનની અધિકારી બને. રાજયભર માંથી ૪.૨૧ લાખથી વધુ મહિલાઓએ સુરક્ષા માટે ૧૮૧ અભયમ્ એપનો ઉપયોગ કર્યો છે. મહિલાઓને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બચાવવા કુલ ૪૫ રેસ્ક્યુવાન રાજયમાં કાર્યરત છે.

ઉપાધ્યક્ષ વિમલભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સદીઓથી ભારતીય સંસ્કૃતિ અને સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે. સમતોલ વિકાસ સાધવા માટે મહિલા ઉત્થાનનો મહિમા કરવો અનિવાર્ય છે. મહિલાઓની સુરક્ષા માટે ટેકનોલોજીના ઉપયોગથી ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન દ્વારા રાજય સરકારે આગવી પહેલ કરી ગુજરાત સજ્જ બન્યું છે.

આ પ્રસંગે મહાનુભાવો તથા ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટર એસ.કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લામાં ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરનાર ભાવિકાબેન ભગોરા, સુરેખાબેન મકવાણા, અડાલજ પી.આઈ. શેફાલી ગુલાલ, કુંજલબેન, પ્રતિભાબેન તથા નીરાબેનનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, મહિલાઓ સાથે થતી ઘરેલું હિંસા અને છેડતીના બનાવોમાં ત્વરિત મદદ માટે ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન ખૂબ ઉપયોગી અને સાર્થક નિવડી છે. સ્ત્રીઓને અભયમ્ દ્વારા રક્ષા કવચ મળ્યું છે. તેમણે આ પ્રસંગે યોજાયેલ વિવિધ સ્ટોલ દ્વારા મહિલા કલ્યાણની વિવિધ યોજનાઓનું સાહિત્ય મેળવીને તેનો લાભ લેવા ઉપસ્થિત મહિલાઓને જણાવ્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગરના જાણીતા મિઠાઈના વેપારી કૌશિક સુખડિયાએ તેમનો જન્મ દિવસ અંધજન શાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે લાયન્સ ક્લબના સહયોગમાં ઉજવ્યો હતો. આ ઉજવણીમાં તેમણે તમામ પ્રજ્ઞાચક્ષુ બાળકોને લાડુ-દાળ-ભાત-શાક-પુરીનું ભોજન જમાડ્યાં હતા.

● સરકાર અત્યારે ગ્રામીણ સ્વચ્છતા માટે આગ્રહી બની છે ત્યારે ગ્રામીણ સરકારી કચેરીઓમાં જ સ્વચ્છતા જળવાતી ના હોવાની રાવ ઉઠવા પામી છે. આ કારણે ગ્રામીણ જનતામાં રોષની લાગણી પ્રવર્તી રહેલી જોવા મળી રહી છે.

● આગામી તહેવારોમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સહેલાણીઓની અપેક્ષિત ધસારાને અનુલક્ષીને ગીર ફાઉન્ડેશન દ્વારા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકોની મદદ લેવા વિચારાઈ રહ્યું છે. સ્વૈચ્છિક સ્વયંસેવકો દ્વારા પાર્કમાં સહેલાણીઓને સ્વચ્છતા જાળવણી સહિતનું માર્ગદર્શન પુરૂ પડાશે જે અંગે વિવિધ સંસ્થાના હોદ્દેદારો સાથે ગીર ફાઉન્ડેશનના અધિકારીઓ બેઠકો યોજી રહ્યાં છે.

## આજે હરિદ્વારની રામકથાના આઈકાર્ડનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સુંદરધામ પરિવાર દ્વારા કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે હરિદ્વાર ખાતે આગામી તા. ૧લી સપ્ટેમ્બરથી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામકથામાં સામેલ થનાર શ્રદ્ધાળુઓ માટે આઈકાર્ડ વિતરણ તથા જરૂરી સૂચનો માટે શહેરમાં બે સ્થળે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બપોરે ૨ થી ૩ કલાક દરમ્યાન સેકટર-૩માં સાંઈબાબા મંદિર પાસેના રામજી મંદિર ખાતે અને સાંજે ૫ થી ૬ કલાક દરમ્યાન સેકટર-૧૬માં મહિલા પોલીસ સ્ટેશન પાછળના બગીચામાં બેઠકો યોજાશે.

## સે-૭ સી નવરાત્રી મહોત્સવ સમિતિના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૭ સી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા આગામી ૨૦૧૮ના વર્ષની નવરાત્રી ઉત્સવના આયોજન અંગે તેમજ સમિતિના હોદેદારોની વરણી અંગે તાજેતરમાં સાધારણ સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે લાલુભા વાઘેલા, મહામંત્રી તરીકે તળજાભાઈ દેસાઈ, ખજાનચી તરીકે નવુજી વાઘેલા, અને ઉપપ્રમુખ તરીકે દાનસિંહ આર.પરમારની વરણી હોદેદારોએ સર્વસમંતિથી કરવામાં આવી છે.

# પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્માને અંતે મળેલા જામીન

અમદાવાદ,તા. ૨૮

ભાવનગરના મ્યુનિસિપલ કમિશનર અને મેસર્સ આલ્કોક અને એસડાઉન (ગુજરાત) લિ.ના ૨૦૦૭-૦૮ના મેનેજીંગ ડિરેકટર તરીકેના કાર્યકાળ દરમ્યાન જહાજોના રીપેરીંગનો કોન્ટ્રાકટ શ્રી સહાયરાજ સાવરીમથ્થુ નામની ખાનગી શીપીંગ કંપનીને આપ્યા બાદ આ એજન્સીને ચૂકવવાના થતાં નાણાં મંજૂર કરવાના બદલામાં રૂ.૨૫ લાખની લાંચ મેળવવાના ચકચારભર્યા કેસમાં પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્માને ગુજરાત હાઈકોર્ટે આખરે શરતી જામીન ઉપર આજે મુકત કર્યા હતા. ઘણા લાંબા સમય બાદ પ્રદીપ શર્માને હાઈકોર્ટમાંથી આખરે રાહત મળી હતી. પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્મા તરફથી કરાયેલી જામીનઅરજીમાં હાઈકોર્ટના સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામીએ મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, આ કેસમાં ડાયરેકટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ(ઈડી) દ્વારા ગત તા.૨૭-૯-૨૦૧૬ના રોજ પૂર્વ સનદી અધિકારી પ્રદીપ શર્મા વિરૂધ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ (પીએમએલએ) એકટ-૨૦૦૨ની કલમ-૩ અને ૪ હેઠળ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં સ્પેશયલ પીએમએલએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેમાં અરજદાર પ્રદીપ શર્માની તા.૩૧-૭-૨૦૧૬ના રોજ ધરપકડ થઈ હતી અને ત્યારથી તેઓ જેલમાં ગત તા.૮-૩-૨૦૧૮ના રોજ હાઈકોર્ટે આ કેસમાં જામીન આપ્યા તેના બીજા જ દિવસે એસીબી દ્વારા ભાવનગરના ઉપરોકત કેસમાં અરજદાર પ્રદીપ શર્માની બિલકુલ ખોટી અને ગેરકાયદે રીતે ધરપકડ કરી લેવાઈ હતી. કારણ કે, સમગ્ર ઘટના દસ વર્ષ જૂની હતી, ત્યારે તેમને માત્ર જેલમાં રાખવાના બદઈરાદાથી જ આ કેસમાં સંડોવી દેવાયા છે.

# રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારી રજનીશ રાયનું સ્વૈચ્છિક રાજીનામું

અમદાવાદ, તા.૨૮

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રજનીશ રાયે આજે અચાનક રાજીનામું ધરી દેતાં સોહરાબુદ્દીન કેસ બાદ ફરી એકવાર તે મોટી ચર્ચામાં આવ્યા છે. સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં ડી.જી.વણઝારા, રાજકુમાર પાંડિયન સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ જોરદાર ખળભળાટ મચાવી દીધો હતો. સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસથી ચર્ચામાં આવેલા આ આઈપીએસ અધિકારીએ વીઆરએસ માટે અરજી કરી દીધી છે. ૧૯૯૨ ગુજરાત કેડરના આ આઈપીએસ રજનીશ રાય હાલ આંધ્રપદેશના ચિત્તુરમાં સીઆરપીએફમાં કાર્યરત છે. જો કે આ અરજી પર હજી નિર્ણય બાકી છે. જો કે આ અહેવાલ અંગે હજુ સત્તાવાર સમર્થન મળ્યું નથી. રજનીશ રાય સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસની તપાસ સીબીઆઈને સોંપાઈ તે પહેલા વણઝારા, રાજકુમાર પાંડિયન તેમજ તે સમયે ઉદેપુરના દિનેશ એમ.એન.ની ધરપકડ કરીને જબરદસ્ત ચર્ચામાં આવ્યા હતા. રજનીશ રાય વર્ષ ૨૦૧૪થી સેન્ટ્રલ ડેપ્યુટેશન પર ફરજ બજાવતા હતા, જ્યારે તેમની પત્ની વત્સલા વાસુદેવા પણ સરકારમાં (આઈએએસ) ઉચ્ચ અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે. આઈપીએસ અધિકારી રજનીશ રાય એક એવા પોલીસ અધિકારી તરીકે ઓળખાય છે, જેમણે ભૂતકાળમાં ગુજરાતના નકલી એન્કાઉન્ટરના કેસોની અંદર ઘણા પોલીસ અધિકારીઓની પૂછપરછ કરી હોવાથી જે તે સમયે રાજ્ય સરકારની આંખે ચઢ્યા હતા. પરિણામે તેમની વારંવાર બદલીઓ પણ કરવામાં આવી હતી. ગુજરાત કેડરના આઈપીએસ રજનીશ રાયને એડીજીમાં બઢતી આપવામાં આવી ન હતી. આઈપીએસ રજનીશ રાયને બઢતી આપવી હોય તો તેમને ગુજરાત કેડરમાં પાછા લાવવા પડે અને એડીજીમાં પણ બઢતી આપવી પડે, આ બઢતી નહીં આપવા માટે જ તેમને ચાર્જશીટ અપાઈ હતી. રજનીશ રાય સોહરાબુદ્દીન તેમજ તુલસીરામ પ્રજાપતિ બોગસ એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના સીનિયર આઈપીએસ અધિકારીઓની ધરપકડ કરી પોલીસ બેડામાં ખળભળાટ મચાવી દીધો હતો. બાદમાં આ કેસોની તપાસ તેમની પાસેથી લઈને પૂર્વ આઈપીએસ ગીતા જોહરીને સોંપી દેવામાં આવી હતી.

## એર માર્શલ રાજીવ દયાલ માથુરે સિનિયર એર સ્ટાફ ઓફિસર તરીકેનો પદભાર સંભાળ્યો

ગાંધીનગર ખાતેના એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે આજે એર માર્શલ રાજીવ દયાલ માથુરે સિનિયર એર સ્ટાફ ઓફિસર તરીકેનો



પદભાર સંભાળ્યો હતો. વેલિંગ્ટન ડિફેન્સ સર્વિસીઝ સ્ટાફ કોલેજ તથા નવી દિલ્હીના નેશનલ ડિફેન્સ કોલેજના પૂર્વ વિદ્યાર્થી એવા આર. ડી. માથુરે મદ્રાસ યુનિવર્સિટીમાંથી ડિફેન્સ અને સ્ટ્રેટેજિક સ્ટડીઝમાં એમએસસી તથા એમફિલની ડિગ્રી મેળવ્યાં બાદ ભારતીય વાયુદળની લડાયક પાંખમાં ૧૯૮૨માં ૪થી જૂને જોડાયાં હતા અને તેઓ માર્શલ વિમાનની વિવિધ પ્રકારની કામગીરી તથા તાલીમ આપવામાં ૫ હજાર કલાકથી વધુ વિમાન ઉડ્ડયનનો અનુભવ ધરાવે છે. તેમણે એરફોર્સના ફ્રન્ટલાઈન કમાન્ડ અને ફાઈટર એરક્રાફ્ટ સ્ક્વેડ્રનથી માંડીને વિવિધ હોદ્દા સંભાળ્યા છે અને તેમને વર્ષ ૨૦૦૩માં વિશિષ્ટ સેવા મેડલ તથા વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રપતિ દ્વારા અતિવિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરાઈ ચૂક્યા છે.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**

**જાહેર નિવિદા નં. ૫/૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર - ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૬૯૬૮) કચેરી તરફથી ૧ (એક) કામ, જેની અંદાજીત રકમ રૂ. ૨૩.૨૭ લાખ છે. જેના માટે ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે. અને ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગ કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૧૦/૯/૨૦૧૮ સમય ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | તા. ૧૧/૯/૨૦૧૮ સમય ૧૧.૩૦ કલાક |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.)થી | તા. ૧૮/૮/૨૦૧૮ સમય ૧૮.૧૦ કલાક સુધી |

**સહી/-**
**કાર્યપાલક ઈજનેર**
**પંચાયત મા.મ. વિભાગ**
**ગાંધીનગર**

માહિતી/૧૩૬૬/૧૮-૧૯

# ઉપવાસના ચોથા દિને હાર્દિકની તબિયત લથડી

અમદાવાદ, તા.૨૮

હાર્દિક પટેલના આમરણાંત




ઉપવાસનો આજે ૪થા દિવસે સાંજે તેની તબિયત લથડતાં તેનું મેડિકલ ચેકઅપ કરનાર ટીમે તેને દાખલ કરવાની સલાહ આપી હતી. સાથે સાથે હાર્દિકને લીકવીડ અને જ્યુશ લેવાની સલાહ પણ આપી છે. યુરિન ઈન્ફેકશન હોવાનું સામે આવ્યું હતું. ડોકટરોએ એવી પણ ચેતવણી આપી હતી કે, જો આવી પરિસ્થિતિમાં હાર્દિક ફળ કે જ્યુશ નહી લે તો, તેની કિડનીને અસર થઈ શકે છે. તો, ચાર દિવસમાં હાર્દિકનું એક કિલો, ૨૦૦ ગ્રામ જેટલું વજન ઘટયુ હતું. દરમ્યાન આજે હાર્દિકના ઉપવાસ આંદોલનના ૪થા દિવસે એનસીપીના દિગ્ગજ નેતા પ્રફુલ પટેલ, રાજસ્થાનના ગુર્જર આંદોલનના નેતા હિંમતસિંહ ગુર્જર સહિતના અગ્રણીઓએ હાર્દિકની મુલાકાત લઈ તેના ખબરઅંતર પૂછયા હતા અને તેના આંદોલનને ખુલ્લુ સમર્થન જાહેર કર્યુ હતું. આ પ્રસંગે એનસીપીના નેતા પ્રફુલ પટેલે ભાજપ સરકારને આડા હાથે લીધી હતી અને આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, પાલીસ અને સરકારની દમનકારી નીતિ છે. ગુનેગારોની જેમ લોકો સાથે વર્તન કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ગોળી ભાજપ સરકારના કાન પાસેથી નીકળી ગઈ છતાં હજુ સમજી નથી. હાર્દિક પટેલની માંગણી મુદ્દે સરકારે વાતચીત કરવી જોઈએ. સરકારનું આ પ્રકારનું વલણ યોગ્ય નથી. હાર્દિકના ઉપવાસ આંદોલન અને તેની લડતને અમારું સમર્થન છે. તો રાજસ્થાનના ગુર્જર આંદોલનના હર્તાકર્તા હિંમતસિંહ ગુર્જર પણ હાર્દિકના સમર્થનમાં પહોંચ્યા હતા. તો, ૨૦થી વધુ વાહનોમાં આવેલા રાજસ્થાન અને મધ્યપ્રદેશના લોકોને પોલીસ દ્વારા હાર્દિકના નિવાસે જવા દેવામાં ન આવ્યા હતા. હાર્દિકના ઉપવાસના સમર્થનમાં આજે મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને હરિયાણાના ખેડૂતો તેમજ ત્યાંના અલગ-અલગ સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. તો, ગુજરાતમાંથી આજે હિંમતનગર, વડાલી, ઈડર, તલોદ અને પ્રાંતિજના પાટીદારો તેના ઉપવાસના




સમર્થનમાં પહોંચ્યા હતા. સોલા સિવિલ હોસ્પિટલના ડોકટર પી કે સોલંકીએ હાર્દિકનું રૂટિન ચેકઅપ કર્યુ હતું. જેમાં હાર્દિકનું રેન્ડમ બ્લડ સુગર ૯૯ આવ્યું હતું. તેને ૭૮ પલ્સ ,૧૨૦-૮૪ બ્લડ પ્રેસર છે, જ્યારે વજન-૭૪.૬ કિગ્રા છે. યુરિન ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. જેમાં યુરિન ઈન્ફેકશનની સ્થિતિ સામે આવી હતી. સાંજે હાર્દિકની તબિયત થોડી લથડતાં ડોકટરોએ તેને દાખલ કરવાની સલાહ આપી હતી.